# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/344 Dt. 27/02/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના સહયોગથી અફઘાનિસ્તાન મુલાકાતે નવા વ્યાપારિક અવસરો મળ્યા

### શ્રી દિપક ચોકસીની ઉચ્ચસ્તરીય બેઠકો અને જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રે સહકારની ચર્ચા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સભ્ય અને ડી. ખુશાલભાઇ જ્વેલર્સના ચેરમેન શ્રી દિપક ચોકસીએ તા. ૧૫ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન અફઘાનિસ્તાનની વ્યાપારિક મુલાકાત લીધી હતી. ચેમ્બર ઓફ કોમર્સના સહયોગથી તેમણે અફઘાનિસ્તાનની વિવિધ સરકારી અને વ્યાપારિક એજન્સીઓ સાથે મુલાકાતો યોજી, જેમાં દ્વિપક્ષીય વેપાર તકોને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

અફઘાનિસ્તાન સરકારે વિશેષ સહયોગની ખાતરી આપતા રજિસ્ટ્રેશન, લાયસન્સિંગ તથા અન્ય જરૂરી પ્રક્રિયાઓ ઝડપી ગતિએ પૂર્ણ કરવા માટે સકારાત્મક વલણ દર્શાવ્યું હતું.

અફઘાનિસ્તાનની મુલાકાત દરમિયાન કાબુલ શહેરના મેયરશ્રી, મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના મંત્રી શ્રી નુરૂદ્દીન અઝીઝી તથા એક્ઝિબિશન સંચાલનના પ્રિન્સિપલ સેક્રેટરીએટ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી સમયમાં અફઘાનિસ્તાન ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રે વિશેષ એક્ઝિબિશન યોજવાની તથા તેમાં શ્રી દિપકભાઇની આગેવાની હેઠળ ભારતીય ભાગીદારી સુનિશ્ચિત કરવાની ચર્ચા કરવામાં આવી હતી.

તેમણે અફઘાનિસ્તાનમાં ગોલ્ડ માઇનની મુલાકાત લઇ ખાણ ઉદ્યોગની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. સાથે જ બિઝનેસ સેન્ટર ઓફ કલર સ્ટોનની મુલાકાત લઇ કલર સ્ટોન ટ્રેડ ક્ષેત્રની તકોનું મૂલ્યાંકન કર્યું હતું.

આ મુલાકાતને સફળ ગણાવતા શ્રી દિપક ચોકસીએ આ અવસર માટે ચેમ્બર ઓફ કોમર્સનો ખાસ આભાર વ્યકત કર્યો હતો અને ભવિષ્યમાં અફઘાનિસ્તાન સાથેના વેપાર સંબંધો વધુ વિસ્તરે તેવી આશા વ્યકત કરી હતી.